### દરવાજાનું કામ શરુ કરાતાં ૨:૦ ક્યુસેક પાણી નદીમાં છોડાયું

# બાયડ-ધનસુરા તાલુકામાંથી પસાર થતી માઝૂમ નદી ભરઉનાળે બેકાંઠે વહેતાં ખુશાલી

### ખેડૂતો, માલધારીઓ મલકાયા, સુજલામ કેનાલમાં પાણી બંધ કરાતાં માઝૂમ નદીનાં પાણી આશીર્વાદરુપ બન્યા



બાયડ, તા.૨૩

આકરા ઉનાળામાં વરસાદ વરસતો ન હોય અને સૂકીભઠ્ઠ નદી એકાએક બે કાંઠે વહે તો આશ્ચર્ય સ્વાભાવિક છે. બસ આવું અરવલ્લી જિલ્લામાં બન્યું છે. મામ ડેમના કટાઈ ગયેલા દરવાજાનું નવીનીકરણ હાથ ધરાતાં ૨૬૦ ક્યુસેક પાણી નદીમાં છોડાયું છે જેના કારણે બાયડ-ધનસુરા તાલુકામાંથી પસાર થતી માઝૂમ નદી ભરઉનાળે બે કાંઠે વહેતાં ખેડૂતો અને માલધારીઓ મલકાયા છે. જ્યારે નદીમાં પાણી છોડાયું તે પૂર્વે તંત્ર દ્વારા ખેડૂતો અને માલધારીઓને સાવધ કરાયા હતા. સુજલામ કેનાલમાં છેલ્લા ૨૦ દિવસથી પાણી બંધ કરાયું છે ત્યારે માઝ્મ નદીમાં દરવાજા રીપેર કરવાના કારણે પાણી છોડાતાં નદીમાં ઈરીગેશન દ્વારા સિંચાઈનો લાભ લેતા ખેડૂતો માટે પાણી આશીર્વાદરુપ બન્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અંદાજીત ૪ દાયકા પહેલાં અરવલ્લી જિલ્લાના મામ જળાશયનું નિર્માણ થયું હતું અને હાલની સ્થિતિએ ૯ દરવાજાને કાટ લાગ્યા પછી સતત જોખમી બન્યા હતા. પાછલા ૨ વર્ષથી દરવાજા બદલવા માટેનો નિર્ણય કરાયો પરંતુ મૂહર્ત આવ્યું ન હતું પરંતુ હવે વિભાગે મામ જળાશયમાંથી અંદાજીત ૧૬૦૦ કરોડ લીટર પાણી છોડ્યા પછી કટાઈ ગયેલા ૯ દરવાજા બદલવાની દરખાસ્તને સ્વીકારી લીધી છે. જેથી છેલ્લા ૨ દિવસથી મામ ડેમમાંથી પાણી નદીમાં તેમજ સિંચાઈ માટેની કેનાલમાં છોડવામાં આવ્યું છે. અત્યારે ૨૦૦ ક્યુસેક પાણી છોડ્યા પછી વધુ ૫૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડાતાં જિલ્લાના જૂનીશિણોલ, વડાગામ, માથાસૂલીયા, નવા-જૂના ઉંટરડા, આંબલિયારા પાસેથી પસાર થતી માઝૂમ નદી બેકાંઠે વહેતી થઈ છે. કેટલાક લોકો મામ ડેમમાં સમારકામ હોવાથી પાણી છોડવામાં આવ્યું છે તે બાબતે અજાણ હતા અને એકાએક નદીમાં પાણી આવેલું જોઈ ક્યાંક ઉપરવાસમાં ધોધમાર વરસાદ વરસ્યો હશે તેવું અનુમાન કરી બેઠા હતા. પ્રજા અને ખેડૂતોમાં આજે પણ પાણીના વધામણા કરવાનો ઉત્સાહ અકબંધ છે. દિપેશ્વરી ધામ નજીક માઝ્મ નદી બેકાંઠે વહ્યા પછી ડીપને અડીને પાણી વહેતું થતાં અનેક લોકોએ પાણીના ઉત્સાહથી વધામણાં કર્યાનું પણ જાણવા મળ્યું છે.

### સાબરકાંઠાના યાત્રાધામમાં અખાત્રીજના દિવસે યોજાયું સફાઈ અભિયાન

# કાંકણોલ સ્વામિનારાયણ મંદિર, ખેડબ્રહ્મા અંબિકા મંદિરમાં સફાઈ કરાઈ

બાયડ, તા.૨૩

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અખાત્રીજના દિવસે રાજ્યના તમામ યાત્રાધામ વિસ્તારોમાં સફાઈ અભિયાન યોજવામાં આવ્યું. હિંમતનગરના કાંકણોલ સ્વામિનારાયણ મંદિર તેમજ ખેડબ્રહ્મા અંબિકા મંદિર સહિતના મંદિરોમાં સ્વયંસેવકો તેમજ જે તે વિસ્તારના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમાં ઉપસ્થિત રહ્યા હતા. સફાઈ અભિયાનની સાથે તેઓએ સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા. જો કે માત્ર એક દિવસના સફાઈ અભિયાનથી યાત્રાધામો સ્વચ્છ બનવાના નથી પરંતુ બારેમાસ સ્વચ્છતા અભિયાન જળવાઈ રહે તેવી પ્રજાએ અપેક્ષા સેવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તા.૨૨ એપ્રિલના રોજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખાસ સફાઈ ઝુંબેશનું આયોજન થયું હતું. જેમાં ખેડબ્રહ્મા માતાજી મંદિરે સવારે ૮-૦૦ કલાકે સફાઈ અભિયાન-૨૦૨૩નું સવારે ૮-૦૦ કલાકથી પ્રારંભ થયો હતો જેમાં માતાજી મંદિર થી બ્રહ્માજી મંદિર સુધીના માર્ગને આવરી લેવાની સાથે સફાઈ અભિયાનમાં નગરપાલિકા તેમજ મંદિરના સફાઈ કર્મચારીઓ અને સ્વયં સેવકો સામેલ થયા હતા. ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફીસર, તાલુકા વિકાસ અધિકારી તેમજ તાલુકા- જિલ્લા પંચાયતના પદાધિકારીઓ પણ તેમાં સામેલ થયા હતા અને સૌએ સ્વચ્છતાના શપથ લીધા હતા. હિંમતનગરના કાંકણોલ સ્વામિનારાયણ મંદિરમાં પણ સ્વયં સેવકોએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.



# તલોદ સગીરાનું અપહરણ કરી ભાગતા ફરતા આરોપીને હરસોલથી પોલીસે ઝડપી લીધો

તલોદ તા.૨૩

તલોદ તાલુકાના એક ગામ ની સગીરા ને લલચાવી,ફોસલાવી અપહરણ કરીને લઈ ગયેલ આરોપી ઈસમ ને તલોદ પોલીસે હરસોલ સ્ટેન્ડ આગળથી ઝડપી લીધો હતો.તેની સાથે સગીરા પણ મળી આવેલ છે. તલોદ તાલુકાના એક ગામ માં પરિવાર સાથે રહેતી ૧૫ વર્ષ ની સગીરા ને તાલુકાના પાસીના મુવાડા ગામનો ઈસમ મેહુલ સિંહ ઘેલસિંહ રાઠોડ તા.૩૧/૮/૨૦૨૧ ની રાત્રે સગીરા ના રહેઠાણ ખાતે થીજ ભગાડી લઈ ગયો હતો. પરિવાર ની અન્ય બહેન સાથે અંદર ઓરડા માં સુતેલી સગીરા સવારે પથારીમાં જોવા નહિ મળતાં તેણી ના માવતરે તેણી ની ભાળ મેળવવા પ્રયાસો કર્યા હતા. જેમાં સફળતા મળી નહતી...બાદ તેઓને જાણવા મળેલ કે,તલોદ તાલુકા ના પાસીના મુવાડા ગામનો ઈસમ મેહુલસિંહ ઘેલસિંહ રાઠોડ સગીરા ના ગામમાં તેની માશી રહેતા હોઈ ત્યાં જઈને રહેતો હતો.જે સગીરા ના સંપર્ક માં આવ્યો હતો.. અને બંને ક્યારેક ફોનથી વાતચીત પણ. કરતા હતા સગીર વયની દીકરી ની શોધ કરતો પરિવાર મેહુલ ની માશી ને ઘેર પહોંચ્યો અને દીકરી વિશે પૂછતાછ કરતાં જાણવા મળેલ કે મેહુલ પણ ઘરે નથી...જેથી મેહુલ જ સગીરાને




અપહરણ કરીને ઉઠાવી લઈ ગયો વહેમ પાક્કો થયો હતો.જેથી આખરે સગીરા ના પિતા એ મેહુલ સામે જ તલોદ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી .કલમ ૩૬૩ અને૩૬૬ અન્વયે ના આ ગુના ની તપાસ તલોદ પોલીસ એ હાથ ધરી હતી પરંતુ તલોદ પોલીસ એક વર્ષ સાત માસ જેટલા સમયગાળા માં પણ આરોપી સુધી પહોંચી શકી નહતી..!! તાજેતર માં તલોદ પોલીસ સ્ટેશન ના એ એસ આઇ જયપાલ સિંહ ને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ઉક્ત ગુનાનો આરોપી ઈસમ મેહુલ સિંહ ઘેલસિંહ રાઠોડ હરસોલ બસ સ્ટેન્ડ પાસે વાહન ની રાહ જોઈ ઊભો છે. તેની સાથે તે ભગાડી ગયેલ સગીરા પણ સાથે જ છે .

બાતમી આધારે પોલીસ હરસોલ પહોંચી હતી અને આરોપી ઈસમ તથા તે ભગાડી ગયેલ સગીરા ને પણ સી આર પી. સી ની કલમ ૪૧(૧) અન્વયે અટકાયત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. તલોદ પોલીસ સામે એવા આરોપો લોકો લગાવી રહ્યા છે કે, આ જગ્યા એ કોઈ વી આઈ પી પરિવાર ની સગીરા નું કોઈ અપહરણ કરી ગયું હોત તો. આટલા વર્ષ તેને શોધવામાં થાત ખરા ?? ગરીબ વર્ગની સગીરા હોય તેણી મજબૂરી વશ આટલો બધો સમય અપહરણ કરતા સાથે કુટાઈ....આ એક ગંભીર બાબત છે જે પોલીસ માટે લાંછન લગાડનાર છે

# સાબરકાંઠા કોર્ટે દુષ્કર્મના આરોપીને આજીવન કેદની સજા ફટકારી

### ભોગ બનનારને રુ ૧૦ લાખના વળતરનો પણ હૂકમ

બાયડ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના મે.એડીશનલ સેશન્સ જજ(સ્પેશ્યલ કોર્ટ) દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૮માં નોંધાયેલા દુષ્કર્મ અને એટ્રોસીટી એક્ટના ગુનામાં આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા તથા રુ ૧૦ હજારનો દંડ અને ભોગ બનનારને રુ ૧૦ લાખના વળતરનો હુકમ કર્યો છે. દુષ્કર્મનો ભોગ બનેલી પીડીતાના ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પોઝિટિવ આવતાં આરોપીને આકરી સજા થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગાંધીનગર બસ સ્ટેશનમાં એક દિકરીના પગમાં સોજા હતા અને તે ગર્ભવતી હોવાનું અને છેલ્લા ૪- ૫ દિવસથી બસ સ્ટેન્ડમાં પડી રહ્યાનું ધ્યાનમાં આવ્યા પછી ગાંધીનગર પોલીસ દ્વારા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તપાસ દરમ્યાન અંદાજીત ૮ મહિનાનો તેના પેટમાં ગર્ભ હોવાનું જણાઈ આવતાં સારવાર કરવામાં આવી હતી અને પૂછપરછ પછી તે પ્રાંતિજ તાલુકાની હોવાનું ધ્યાનમાં આવતાં પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવી હતી. દુષ્કર્મનો ભોગ બનેલી પીડીતાની ફરિયાદ પછી ભોગ બનનારે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક બાળકને જન્મ આપ્યો હતો ત્યારબાદ પ્રાંતિજ પોલીસે તા.૨૦

જુલાઈ-૨૦૧૮ના બનાવ સંદર્ભે ફર્સ્ટ ગુના રજી.નં.૧૦૧ ૨૦૧૮ થી ઈ.પી.કો.કલમ-૩૭૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૧) ડબલ્યુ(૧) તથા ૩(૨)(૫)નો ગુનો નોંધી આરોપી પ્રાંતિજના રઈશમીયા યુસમીયા સુમરા વિરુદ્ધ ગુનો દાખલ કરી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. તપાસ દરમ્યાન તેને વારંવાર બળજબરીથી દુષ્કર્મ કરી ભોગ બનનારને ગર્ભવતી બનાવી તરછોડી દઈ માતા બનાવી ગંભીર ગુનો આચર્યો હતો તેનો ચાર્જશીટમાં ઉલ્લેખ થયો હતો. સદર કેસ સાબરકાંઠાની એડીશનલ સેશન્સ જજ(સ્પેશ્યલ કોર્ટ(ન્યાયાધિશ) પદ્મનાભ ગોવર્ધનરાય વ્યાસની કોર્ટમાં રજૂ થયો હતો જ્યાં ફરિયાદી પક્ષ તરફથી રજૂ થયેલા પુરાવા, ભોગ બનનારની જુબાની, ડી.એન.એ. પુરાવો વગેરે ધ્યાને લઈ આરોપીને આકરી સજા કરવા મુખ્ય જિલ્લા સરકારી વકીલ હિરેન વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ દલીલો કરી હતી. જે તમામ દલીલો અને સજ્જડ પુરાવાને ધ્યાને રાખી કોર્ટ દ્વારા આરોપી રઈશમીયા યુસમીયા સુમરાને આજીવન કેદની સજા તથા ૧૦ હજારનો દંડ અને દુષ્કર્મનો ભોગ બનનારને વિક્ટીમ કોમ્પનસેશન ફંડમાં રુ ૧૦ લાખનું વળતર તરીકે આપવાની માંગણી કરી હતી જે કોર્ટે ગ્રાહ્ય રાખી છે.

**પીડીતા વારંવારના દુષ્કર્મથી ગાંધીનગર રહેવા ગઈ**

જાણવા મળ્યા મુજબ પ્રાંતિજના દુષ્કર્મના આરોપીને સાબરકાંઠા કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર આરોપીએ દુષ્કર્મનો ભોગ બનનાર પીડીતાને લલચાવી, ફોસલાવીને ફસાવી હતી તેમજ પ્રાંતિજમાં સસ્તામાં મકાન ભાડે અપાવ્યું હતું અને એકલી હોય ત્યારે જબરજસ્તીથી તેની ઉપર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. વારંવારના દુષ્કર્મથી તેને આરોપીના સકંજામાંથી બચવા પ્રાંતિજથી ગાંધીનગર ગઈ હતી અને ભોગ બનનાર તેના ઘરેથી ભણવા માટે આવી હતી અને માતા-પિતાના ડરના માર્યા કોઈ મદદ લીધી ન હોવાનું અને ગર્ભવતી થયાનું જાણવા મળ્યું છે.

# ધાનેરામાં આવેલ ઈદગાહ ખાતે રમજાન ઈદની ઉજવણી

ધાનેરા તા.૨૩

ધાનેરા લાધાપુરા વિસ્તારમાં આવેલ ઈદગાહ ખાતે ધાનેરા જુમ્મા મસ્જિદના શહેર કાજી મૌલાના બિલાલસાબની આગેવાની હેઠળ રમજાન ઈદની નમાઝ પઢવામાં આવી હતી .


જેમા હજ્જારો મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી સમગ્ર દેશમાં ભાઈચારો એકતા અખંડિતતા અમન અને શાંતિ જળવાઈ રહે તે માટે અલ્લાહ પાસે દુવા કરી તમામ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદ આપવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,આવે છે કે ,વધુમાં ધાનેરા જુમ્મા મસ્જિદના શહેર કાજી મૌલાના બિલાલસાબે જણાવ્યું હતું કે



રમજાન ઈદનો તહેવાર સમગ્ર દેશમાં એકતા શાંતી, અમન અને ભાઈચારાનો પૈગામ આપે છે જે આજના દિવસે હિન્દુભાઈઓને મળીને ઈદની ખુશીમાં સામેલ કરવાનો દિવસ છે . જયારે ધાનેરાના વેપારીવાસમા આવેલ સુન્ની અસગરી મસ્જિદમા પણ મસ્જિદના મૌલાના ની આગેવાની હેઠળ મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી સુન્ની અસગરી મસ્જિદના મૌલાનાએ જણાવ્યું હતું કે ઈદનો તહેવાર દેશમાં અમન શાંતિ ભાઈચારો એકતા તેમજ એકબીજા સાથેના ભેદભાવ ભુલીને તમામ ધર્મના લોકોમાં એકતા અને અખંડિતતા જળવાઈ રહે તેવો સંદેશ આપે છે અને દરેક ધર્મના લોકોમાં ભાઈચારો જળવાઈ રહે તે માટે અલ્લાહ પાસે દુવા કરીએ છીએ આજે ઈદના તહેવાર નિમિત્તે ધાનેરા પોલીસ સ્ટેશનના પી.આઈશ્રી એ.ટી.પટેલ દ્વારા ખુબજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ડીસા તાલુકા પોલીસ મથક આગળ બે આખલા બાખડતા લોકોમાં ભયનો માહોલ

### શહેરમાં રખડતા ઢોરની સમસ્યાથી લોકો ત્રાહિમામ



ડીસા, તા. ૨૩

રખડતા ઢોર દરેક શહેરનો યક્ષ પ્રશ્ન બની ગયો છે. રખડતા ઢોરોને કારણે અનેક રાહદારીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.ઘણા ઘાયલ પણ થયા છે. ત્યારે ડીસા શહેરમાં પણ રખડતા ઢોરોની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. એક મહિના અગાઉ જ રખડતા ઢોરે અડફેટે લેતા શિવનગરમાં એક યુવતી સહિત મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારે આજે તાલુકા પોલીસ મથક આગળ મોડી સાંજે સતત ટ્રાફિકથી અને રાહદારીઓથી ધમધમતા રોડ પર બે આખલાઓ એકબીજા સામે આવી જતા બંને વચ્ચે ભયંકર યુદ્ધ છેડાઈ ગયું હતું.રોડ વચ્ચોવચ આખલાઓની લડાઈ જોઈ ત્યાંથી પસાર થતાં રાહદારીઓ પોતે આ આખલાની ઝપેટમાં ન આવી જાય તે માટે સાઈડમાં સલામત સ્થળે ઉભા રહી ગયા હતા. બંને આખલાની લડાઈ એવી ચાલી હતી કે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. કોઈપણ રાહદારીઓએ આ આખલા યુદ્ધ જોતા તેની નજીકથી અવરજવર કરવાની હિંમત કરી ન હતી અને આ બે આખલાની લડાઈ પૂરી ના થાય ત્યાં સુધી ત્યાંથી પસાર થવાનું પણ ટાળ્યું હતું. શહેરમાં જાગૃત લોકોની વારંવાર રજૂઆતો છતાં જવાબદાર તંત્ર દ્વારા આ મુદ્દે ઠોસ પગલાં ન ભરાતા લોકોમાં તંત્ર પ્રત્યે રોષ ફાટી નીકળ્યો છે.

# પ્રાંતિજ ખાતે પરશુરામ જન્મ જયંતિની ઉજવણી કરવામા આવી



પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામ ની જન્મ જયંતિ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે પ્રાંતિજ બ્રહ્મસમાજ ના ભાઈઓ દ્વારા ભગવાન પરશુરામ ની જન્મ જયંતિ ને લઈ ને તેવોના ફોટાની પુજા સાથે આરતી ઉતારી પ્રસાદ વેચીને ધન્યતા અનુભવી હતી અને ભગવાન પરશુરામ દાદા ની જન્મ જયંતિ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ બ્રહ્મસમાજ ના પ્રમુખ આશિષ ભાઈ પંડયા , યોગેશભાઈ રાવલ , સુરેશભાઈ રાવલ , પ્રકાશભાઈ મહારાજ , પ્રશાંતભાઈ ત્રિવેદી , બકુલ ભાઈ પંડયા , રાકેશભાઈ રાવલ , સુનિલભાઈ પંડયા સહિત પ્રાંતિજ ખાતે રહેતા બ્રહ્મસમાજ ના આગેવાનો કાર્યકરો સાથે બ્રહ્મસમાજ ના ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુર પાલિકામાં ભંગાર કૌભાંડમાં કારોબારી ચેરમેનનો ભોગ લેવાયો

# કથિત ભંગાર કૌભાંડની તપાસ શરૂ થતા કારોબારી ચેરમેન દીપક પટેલે રાજીનામું આપ્યું

### ભંગાર વેચાણ ભ્રષ્ટાચાર મામલે બે દિવસ અગાઉ કમિશ્નરે પલિકાનું રેકર્ડ કબ્જે કબજે કર્યું

પાલનપુર તા.૨૩

પાલનપુર નગર પાલિકામા બહુ ચર્ચિત ભંગારની હરાજીમાં કરાયેલા કથિત લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર મામલે પાલીકાનું રેકર્ડ કબ્જે કરી તપાસ શરૂ કરવામાં આવતા ની સાથે જ પાલીકાના કારોબારી ચેરમેને પોતાના હોદ્દા



ભ્રષ્ટાચાર મામલે વિપક્ષના નેતાની ઉગ્ર રજૂઆતોના અંતે આખરે નગરપાલિકાના ગાંધીનગર પ્રાદેશિક કમિશ્નર કચેરીના ઉત્તર ગુજરાત ઝોન ઈન્ચાર્જ અધિકારી દ્વારા ભંગાર પરથી રાજીનામું ધરી દેતા પાલીકા તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા તેના શાસકોના અણધડ વહીવટને લઈ સતત વિવાદોમાં સપડાયેલી રહે છે . જેમાં પાલીકાના શાસકો દ્વારા અગાઉ પાલિકાનો અંદાજે વીસેક લાખ રૂપિયાનો ભંગાર પોતાના મળતિયાનોએ દશેક લાખની નજીવી રકમમાં પધરાવી દઈ કથિત ભ્રષ્ટાચાર આચરવાનો હોવાનો મામલો બહાર આવતા શાસકોના પગ તળે થી જમીન સરકી જવા પામી હતી જોકે પાલિકાની તિજોરીને લાખોનું નુકસાન પહોંચાડનાર જવાબદાર શાસકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે વિપક્ષના મહિલા નેતા અંકિતા ઠાકોરે નગરપાલિકાના ગાંધીનગર પ્રાદેશિક કમિશ્નર સમક્ષ ઉગ્ર રજુઆત કરતા મામલો ગરમાયો હતો અને વિપક્ષની રજૂઆતના પગલે ગત બુધવારે નગરપાલિકાના પ્રાદેશિક કમિશ્નરના ઉત્તર ગુજરાતના ઝોન ઈન્ચાર્જ તિલક શાસ્ત્રી પાલનપુર નગરપાલિકા કચેરી ખાતે ભંગાર હરાજીનુ રેકર્ડ કબજે કર્યું હતું અને ફરિયાદી અંકિતા ઠાકોરનું નિવેદન તપાસ હાથ શરૂ કરી છે જોકે આ કથિત કૌભાંડ જેમની આગળ આંગળી ઓ ચિંધાઈ રહી છે તેવા નગરપાલીકા ના કારોબારી ચેરમેન દીપક પટેલે શુક્રવારે એકા એક પાલનપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પહોંચી ત્યાં હાજર જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તીસિંહ વાઘેલાને પોતના ચેરમેન પદે થી રાજીનામું આપી દીધું હતું જોકે ભંગારમાં કૌભાંડની તપાસ ટાણે પાલિકાના ચેરમેન રાજીનામાથી પાલીકા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

**ચેરમેનના પગ તળે રેલો આવે તે પૂર્વે રાજીનામું આપ્યું હોવાની ચર્ચા**

પાલનપુર નગરપાલિકાના વિપક્ષના નેતા અંકિતા ઠાકોરે ગાંધીનગર પ્રાદેશિક કચેરીમાં રજૂઆત કરી હતી કે ૨૦ લાખની કિંમત તો ભંગાર પાલિકાના શાસકોએ માત્ર ૧૦ લાખનો વેચી મારી લાખો રૂપિયાનું કૌભાંડ્યું હોય તેની કડક તપાસ કરવાની માંગ કરતા તાજેતરમાં પ્રાદેશિક નિયામક દ્વારા પાલિકાનું મૂળ રેકર્ડ કબજે કરી તપાસ શરૂ કરી હતી જેનો રેલો કારોબારી ચેરમેન સુધી આવી શકે તેમ હોય તે પૂર્વે કારોબારી ચેરમેન દીપક પટેલે પોતાના મુદ્દા પરથી રાજીનામું આપ્યું હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે